# શ્રી આર આર લાલન કોલેજ, ભુજ

## NCCમાં જોડવ માટેની સૂચનાઓ

- NCCમાં જોડવા ઇચ્છતા વિધાર્થીઓએ તારીખ **૧૪/૦૭/૨૦૨૫ થી ૧૬/૦૭/૨૦૨૫** માં ૧૨:૦૦ થી ૦૧:૦૦ વાગ્યા દરમિયાન NCC રૂમમાંથી પ્રવેશ ફોર્મ મેળવી લઈ અને ત્યાંજ જમા કરાવવું. ત્યારબાદ કોઈપણ વિદ્યાર્થી ફોર્મ લઇ શકશે કે જમા કરાવી શકશે નહિ જેની નોંધ લેવી..
- NCCમાં જોડવા ઇચ્છતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓના ધોરણ **૧૨ના ટકા, 'A' સર્ટીફીકેટ, બૌધિક કસોટી તથા શારીરિક કસોટીના ગુણ** ગુણ ધ્યાનમાં લેવામાં આવશે.
- આ પ્રવેશ ફોર્મ માત્ર આ કોલેજના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ જ ભરી **શકશે** જેની નોંધ લેવી.
- **ફોર્મ સાથે નીચે મુજબના બિડાણ જોડાવાના રહેશે.**
- **૧. ૧૨માંનુ પરિણામ**

  **૨. NCC 'A' સર્ટીફીકેટ (જો હોય તો)**

  **૩. કોલેજની ફી ની પહોંચ.**

  **૪. આધાર કાર્ડની નકલ**

  **૫. 10th પાસ પ્રમાણપત્ર**
- **અધૂરૂં ભરેલું અથવા અધૂરા બિડાણ વાળું ફોર્મ સ્વીકારવા માં આવશે નહિ.**
- **માત્ર વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી આ ફોર્મ ભરી શકશે.**
- ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓએ તારીખ ૧૮/૦૭/૨૦૨૫નાં રોજ ૧૧:૦૦ કલાકે કોલેજ કોમ્પ્યુટર લેબ પાસે બૌધિક કસોટી માટે હાજર થવાનું રહેશે. આ બૌધિક કસોટી પાસ કરનાર વિદ્યાથીઓની શારીરિક કસોટી તારીખ ૨૨/૦૭/૨૦૨૫ના લેવા માં આવશે.
- કોલેજમાં NCCની જેટલી જગ્યા હશે તે પ્રમાણે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓની પસંદગી કરવામાં આવશે.
- NCC માટે ની શારીરિક કસોટી NCCના આર્મી સ્ટાફ દ્વારા કરવામાં આવશે. અને તેમનો નિર્ણય અંતિમ રહેશે.

- **NCCમાં જોડવા ઇચ્છતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

1. NCCમાં જોડાતા વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં શિસ્ત નું પાલન કરવાનું રહેશે. જે વિદ્યાર્થી/વિદ્યાર્થિની ના અશિસ્ત ની કોઈ પણ ફરિયાદ મળશે તેને NCCમાંથી કાઢી મૂકવામાં આવશે.
2. NCCમાં જોડાયેલો કોઈપણ વિદ્યાર્થી/વિદ્યાર્થિની કોલેજ કે કોલેજની બહાર કોઈ ગેરકાયદેસર અથવા ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ થવું નહિ. આવું કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને NCCમાંથી કાઢી નાખવા માં આવશે અને કોલેજ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.
3. NCCમાં જોડાતા વિદ્યાર્થીઓને NCCની વિવિધ પ્રવૃતિઓ જેવી કે શિબિર, પરેડ કોલેજ દ્વારા આયોજિત વિવિધ પ્રવૃતિઓ વગેરેમાં ફરજિયાત ભાગ લેવાનો રહેશે.
4. NCCમાં જોડાતા વિદ્યાર્થીઓ શારીરિક રીતે સ્વસ્થ હોવા જોઈએ તથા તેમના શરીર પર કોઈ જાતનું કાયમી નિશાન, ચિહ્ન, કે લખાણ હોવું જોઈએ નહિ.
5. ભવિષ્યમાં કોલેજ બદલાવવાની હોય તેવા વિદ્યાર્થીએ NCCનું ફૉર્મ ભરવું નહિ.
6. કોલેજમાં NCCની તાલીમ અઠવાડિયામાં બે દિવસ હશે, તથા NCC યુનિટ દ્વારા જ્યારે પણ બોલાવવામાં આવે ત્યારે કોલેજ અથવા યુનિટ ઉપર હાજર થવાનું રહેશે.
7. વાલીઓ માટે ખાસ સૂચના કે NCCની પ્રવૃત્તિ જેવી કે પરેડ, શિબિર વગેરે દરમિયાન શારીરિક ઈજા કે નુકસાનીની જવાબદારી વિદ્યાર્થિની રહેશે તથા NCCમાં જોડાયેલા વિધાર્થીને રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાના શિબિરમાં જવાની પરવાનગી આપવાની રહેશે.
8. અનિયમિત અને અશિસ્ત વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને કોલેજ NCC માંથી કાઢી મૂકવાનો અંતિમ નિર્ણય કોલેજ નો રહેશે.